સચિવાલય, ગાંધીનગર.
તારીખ:- 2 JAN 2019

Office of the Registrar
A.A.U., ANAND.
4 JAN 2019
INWARD NO. 158

પ્રતિ,
સહ પ્રાધ્યાપકશ્રી,
રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદ,
કૃષિભવન, સેકટર-૧૦-એ,
**ગાંધીનગર.**

**વિષયઃ- પદયાત્રામાં 'કૃષિ યુનિવર્સિટી'ઓને વિભાગને જોડવા અંગે...**

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય પરત્વેના માન.રાજ્યમંત્રીશ્રી મનસુખ માંડવીયા, રોડ, ટ્રાન્સપોર્ટ એન્ડ હાઈવેસ, શીપીંગ, કેમીકલ્સ એન્ડ ફર્ટીલાઈઝરસ, ભારત સરકારનો તા.૨૪.૧૨.૨૦૧૮નો પત્ર આ સાથે સામેલ છે. પત્રમાં જણાવેલ વિગતે સદીના મહામાનવ રાષ્ટ્રપિતા પૂજ્ય મહાત્મા ગાંધીજીના ૧૫૦મા જન્મજયંતી વર્ષને ઉજવવા માટે ભારત સરકારે તા.૧૬.૦૧.૨૦૧૯ થી તા.૨૨.૦૧.૨૦૧૯ સુધી એક પદયાત્રાનું આયોજન કરેલ છે. આ પદયાત્રા દરમિયાન રાજ્યના વિવિધ કૃષિ યુનિવર્સિટી અને કોલેજોનાં પ્રાધ્યાપકો સ્વૈચ્છિક રીતે જોડાય અને પૂજ્ય બાપુએ આપેલ 'શિક્ષણ પ્રણાલી'થી અવગત થાય તે માટે માહિતગાર કરવા 'કૃષિ યુનિવર્સિટી'ઓને જોડવા અંગે જરૂરી કાર્યવાહી કરવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

**(જી.એસ.મોદી)**
**સેકશન અધિકારી**
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

બિડાણ:- ઉપર મુજબ.

**નકલ રવાનાઃ**-(બિડાણ સહિત)

- કુલસચિવશ્રી, કૃષિ યુનિવર્સિટી, **આણંદ / જૂનાગઢ / નવસારી / સરદારકૃષિનગર-દાંતીવાડા**....તરફ પત્રમાં જણાવેલ વિગતે જરૂરી કાર્યવાહી કરવા સારૂ.

**આણંદ કૃષિ યુનિવર્સિટી,આણંદ**

**પદયાત્રામાં "કૃષિ યુનિવર્સિટી" ઓને જોડવા અંગે...**

**નકલ સવિનય રવાના જાણ તથા યોગ્ય થવા સારૂ.**

(૧) માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આ.કૃ.યુ. આણંદ તરફ જાણ સારૂ.
(૨) તમામ યુનિટ/સબ યુનિટ કચેરીઓ તરફ જાણ તથા વંચાણે લેવા સારૂ.

કુલસચિવ

**નં. આકૃયુ/રજિ/સંકલન/ 258 /૨૦૧૯**
**તા.૦૫/૦૧/૨૦૧૯**
**નકલ રવાનાઃ**
કુલસચિવશ્રીના અંગત મદદનીશ, આ.કૃ.યુ. આણંદ

पदयात्रा
बने जीवनयात्रा

सत्यमेव जयते

**Mansukh Mandaviya**
Convener of Padyatra

Road Transport & Highways,
Shipping, Chemicals & Fertilizers
Government of India

24 DEC 2018

વિષય: પદયાત્રામાં 'કૃષિ યુનીવર્સીટી'ઓને વિભાગને જોડવા અંગે

**આત્મજનશ્રી,**

સદીના મહામાનવ રાષ્ટ્રપિતા પૂજ્ય મહાત્મા ગાંધીજીના ૧૫૦મા જન્મજયંતી વર્ષને ઉજવવા માટે ભારત સરકાર દ્વારા નિર્ણય કરવામાં આવેલ છે. પૂજ્ય બાપુને સ્મરણાંજલિ અર્પવા સમગ્ર દેશ-દુનિયામાં જુદા-જુદા સામાજિક અને સ્વૈચ્છિક સંગઠનો પણ વિવિધ કાર્યક્રમો કરી રહ્યા છે.

પૂજ્ય બાપુની સ્મૃતિને ચિરકાળ બનાવવા મારા દ્વારા બુનિયાદી શાળાઓ અને સ્વૈચ્છિક સંગઠનોનાં સહયોગથી એક **'પદયાત્રા'**નું આયોજન કરવામાં આવેલ છે. તા. ૧૬/૦૧/૨૦૧૯ થી તા. ૨૨/૦૧/૨૦૧૯ સુધી ચાલનાર ૧૫૦ કી.મી લંબાઈની આ પદયાત્રા ૩૫ ગામોમાંથી પસાર થશે, જેમાં સમગ્ર રાજ્ય અને દેશના વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ સહિત નાગરિકો બહોળી સંખ્યામાં જોડાશે.

આઝાદીના સંઘર્ષ સાથે જ બાપુએ ચારિત્ર્ય નિર્માણ અને સમાજ ઘડતર થકી રાષ્ટ્રનિર્માણના કાર્યને સાંકળી લીધેલું, જેથી આઝાદી મળ્યાં બાદ 'સ્વરાજ્યથી સુરાજ્ય'ની સંકલ્પના સાકાર થઈ શકે. આ માટે બાપુએ બુનિયાદી(નઈ તાલીમ/વર્ધા તાલીમ/બેઝિક એજ્યુકેશન) શિક્ષણ પદ્ધતિ વિકસાવેલ. આ અંગે પૂજ્ય બાપુએ જણાવેલ છે કે, "બુનિયાદી શિક્ષણ પદ્ધતિ એ માનવજાતને મારી આખરી અને અમૂલ્ય દેન છે". ભાવનગર જિલ્લાના તત્કાલીન ગાંધીવાદી કર્મશીલોના પ્રયત્નોથી અનેક બુનિયાદી શાળાઓ તથા મહાવિદ્યાલયો સ્થપાયેલ, જે આજે પણ ગાંધીયુગની સ્મૃતિ સાચવીને ઊભી છે.

ગાંધીવિચારધારા સાથે નવી પેઢી જોડાય તથા પૂજ્ય બાપુએ કલ્પેલા શોષણવિહીન, અહિંસક, ન્યાયી, સમાનતા તથા બંધુતા સાથે કરૂણાપૂર્ણ અને પ્રકૃતિપ્રેમી સમાજનું નિર્માણ થાય તેવા શુભ હેતુસર પૂજ્ય બાપુએ આપેલ **'૧૧ મહાવ્રત'**ના મૂલ્યો પર આ પદયાત્રાની સભાઓ આધારિત રહેશે.આ પદયાત્રાની સમગ્ર માહિતી તથા રજિસ્ટ્રેશન સુવિધા પદયાત્રાની વેબસાઈટ **www.Gandhi150PadYatra.in** પર ઉપલબ્ધ છે.

તા.૧૬/૦૧/૨૦૧૯ના રોજ ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાની ગ્રામદક્ષિણામૂર્તિ સંસ્થા-મણારથી પદયાત્રા પ્રસ્થાન થશે તથા તા.૨૨/૦૧/૨૦૧૯નાં રોજ લોકભારતી-સણોસરા સંસ્થા ખાતે સમાપન થશે. **'જોડાઈએ... જાણીએ...અનુભવીએ...'** મંત્ર મુજબ ગાંધીવિચારધારાની અનુભૂતિ કરવાનો અમૂલ્ય અવસર આ **'પદયાત્રા'** છે.

આ પદયાત્રા દરમિયાન રાજ્યના 'વિવિધ કૃષિ યુનીવર્સીટી અને કોલેજો'ના પ્રાધ્યાપકો સ્વૈચ્છિક રીતે જોડાય અને પૂજ્ય બાપુએ આપેલ 'શિક્ષણ પ્રણાલી'થી અવગત થાય તે માટે માહિતગાર કરવા પરિપત્રિત કરશો તેવી મારી લાગણી છે.

આપનો સ્નેહાધીન,

**(મનસુખ માંડવિયા)**

DS Coord.

પ્રતિ
**શ્રી આર. સી. ફળદુ**
માનનીય મંત્રીશ્રી કૃષિ અને ખેડૂત કલ્યાણ, ગુજરાત સરકાર

SO

નકલ રવાના:
**શ્રી સંજય પ્રસાદ, ભા.પ્ર.સે.**
અધિક મુખ્ય સચિવ, કૃષિ, ગુજરાત સરકાર

(PTO)

A.C.S. AGRI
NO. 2663
Dt. 24/12/18

GOI 3018 28/12/18

150 YEARS OF CELEBRATING THE MAHATMA | #Mai_Bhi_Mohan